# શામળાજી નજીક ૧.૨૦ કરોડનો ચરસનો જથ્થો ઝડપાયો

## શામળાજી પોલીસ અને એસઓજીની ટીમનું સંયુક્ત ઓપરેશન

રતનપુર ચેકપોસ્ટ બુટલેગરો માટે સ્વર્ગ સમાન છે વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ બુટલેગરો ગુજરાતમાં ઠાલવી રહ્યા છે અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે.નં-૮ હવે માદક પદાર્થો ઘુસાડવા પણ સેફ હેવન હોય તેમ કાશ્મીર થી મોટા પ્રમાણમાં ચરસનો જથ્થો ઠાલવવા માટે ઉપયોગ થવા લગતા નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અધિકારીઓના પણ આંટાફેરા વધી ગયા છે. શામળાજી પોલીસ અને એસઓજી પોલીસે અણસોલ ગામની સીમમાંથી બાતમીના આધારે કાશ્મીર થી વાયા રાજસ્થાન થઈ ગુજરાતમાં એસએક્સ-૪ કારમાં ગુપ્ત ખાના બનાવી અધધ સંતાડીને લવાતો ૨૪.૧૯૦ કી.ગ્રામ નો ૧.૨૦ કરોડ રૂપિયાનો કાશ્મીરી ચરસનો જથ્થો ઝડપી પાડી ૨ કેરિયર શખ્શોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મંગળવારે સાંજે શામળાજી પોલીસ અને એસઓજી પોલીસની ટીમે બાતમીના આધારે રતનપુર ચેકપોસ્ટ નજીક ઠેર ઠેર નાકાબંધી અને પેટ્રોલિંગ હાથધરી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરી બાતમી આધારિત ગોલ્ડન કલરની એસએક્સ-૪ કાર (ગાડી.નં. DL 7 CH 9483) કારને અટકાવી તલાસી લેતા કારના પડખામાં ગુપ્ત ખાના બનાવી પ્લાસ્ટિકની બેગમાં સંતાડેલ કાશ્મીરી ચરસના-૨૪ પેકેટ મળી આવ્યા હતા જેનો કુલ વજન ૨૪.૧૯૦ કી.ગ્રામ રૂ.૧૨૦૯૫૦૦૦/- ના જથ્થા સાથે ગુલશન રાધેશ્યામ ચમાર (રહે, અંબાલા, હરિયાણા) ગોપાલચંદ્ર સુરતરામ કોલી (રહે, કુલ્લુ, હિમાચલ પ્રદેશ) ની ધરપકડ કરી કારની કીં.રૂ. ૨૦૦ ૦૦૦/- તથા મોબાઈલ નંગ-૩ કીં.રૂ. ૨૫૦૦, આરોપીઓ પાસેથી મળી આવેલ રોકડ રકમ-૩૮૦૦૦/- મળી કુલ રૂ.૧૨૩૩૫૫૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાશ્મીરી ચરસ ભરી આપનાર ગુલામનબી ગુલામરસુલ, ગુલામરસુલ (રહે, અનંતનાગ, જમ્મુ) વિરુદ્ધ ધી નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોફિક સબસ્ટન્સીસ એક્ટ મુજબ ગુન્હો નોંધી ઝડપાયેલા બંને શખ્શોને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાશ્મીરી ચરસ ભરી આપનાર શખ્શોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. શામળાજી પોલીસ અને એસ.ઓ જી.ની સંયુક્ત ઓપરેશનમાં કારમાંથી ઝડપાયેલ ૧.૨૦ કરોડનો જથ્થો ગુજરાતમાં કોને પહોંચાડવાનો હતો અને ગુજરાતમાં યુવાનોને નશાના રવાડે ચઢાવી નશાનો કાળો કારોબાર ચલાવનાર રેકેટનો પર્દાફાશ કરવા મથામણમાં લાગી હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી મળી હતી.



# પ્રાંતિજ ખાતે મેઘમહેર માટે શિવને પાણીમાં ડુબાડ્યા

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તપોધન ફડી ખાતે રહેતી મહિલાઓ દ્વારા મેઘરાજાને મનાવવા માટે ઢુઢીયા બાવજીની મૂર્તિ બનાવી ઘરે-ઘરે ફરી શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ દાદાને પાણીમાં ડુબાડ્યા હતા.



ચોમાસાના આગમનને એક મહિનો વિતી ગયો અને શરૂઆતમાં વાયુ વાવાઝોડાને લઈને માત્ર પ્રાંતિજ સહિત તાલુકામાં નવ ઈંચ મોસમનો વરસાદ ખાબક્યો છે અને અચાનક મેઘરાજા જાણે રીસામણાં લીધાં હોય તેમ તાલુકા જિલ્લા સહિત ગુજરાત ભરમાંથી ગાયબ થઈ જતાં હાલ તો વગર વરસાદે જગતના તાત સહિત સૌ કોઈ ચિંતીત જોવા મળી રહ્યું છે.



ત્યારે પ્રાંતિજ તપોધન ફળી ખાતે રહેતી મહિલાઓ દ્વારા મેઘરાજાને મનાવવા ઢુઢીયા બાવજીની મૂર્તિ બનાવી તપોધન ફળીમાં ઘરે-ઘરે જઈ ઢુઢીયા બાવજીને પાણીથી નવડાવ્યા હતા અને ત્યારબાદ તપોધન ફળી ખાતે આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે મહિલાઓએ ડેગરી-ડેગરી પાણી ભરીને શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ દાદાને પાણીમાં ડુબાડ્યા હતાં અને ભગવાન ભોળા શિવ પાસે સારા વરસાદની માંગણી કરી હતી. મંદિર પાસે વરસાદ માંગવા માટે રામધૂન પણ બોલાવી હતી અને મહિલાઓએ ભગવાન શિવ પાસે વરસાદ આપવા માટે આજીકા કરી હતી.

## વડગામના પાણીયારી આશ્રમ ખાતેથી જુગાર રમતા ઝડપાયા

વડગામ, તા. ૧૭

વડગામ તાલુકાના મુમનવાસ નજીક આવેલા પાણીયારી આશ્રમ ખાતેથી જુગાર રમતાં ખેરાલુ તાલુકાના ચોટીયા અને ડભોડા ગામના છ નબિરા વડગામ પોલીસના હાથે ઝડપાઇ જવા પામ્યા હતા.

વડગામ પોલીસ મથકેથી મળતી માહિતી અનુસાર ખેરાલુ તાલુકાના ડભોડા ગામના જીતેન્દ્રજી ભેખાજી ડાભી તથા ચોટીયા ગામના અર્જુનજી છનાજી ઠાકોર, વિજયજી બદસંગજી ઠાકોર, સંજયજી પરબતજી ઠાકોર, કપુરજી કડવાજી ઠાકોર, સહદેવજી કાન્તિજી ઠાકોર ગુરુ પૂર્ણિમાના દિવસે વડગામ તાલુકાના પાણીયારી આશ્રમ ખાતે આવ્યા હતાં તે દરમિયાન બપોરના સમયે જાહેરમાં ગંજીપાનાથી હારજીતનો જુગાર રમી રહ્યા હતા તે સમયે વડગામ પોલીસે ઓચિંતી રેડ કરતાં ૬ નબિરા વડગામ પોલીસના હાથે જાહેરમાં જુગાર રમતાં ઝડપાઇ ગયા હતા. પોલીસ દ્વારા ૨૮૬૦ રૂ. રોકડા તેમજ ૬ નંગ મોબાઈલ જેની કિંમત રૂ. ૧૨૦૦૦ મળી કુલ રૂ. ૧૪૮૬૦ નો મુદ્દામાલ સાથે ઝડપી લઈને જુગારધારા હેઠળ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# બાયડ તાલુકા પંચાયતના અધિકારીઓના વહીવટી કુશળતાના અભાવને કારણે તાલુકાના વિકાસના કામો ટલ્લે ચડ્યા

બાયડ, તા. ૧૭

બાયડ તાલુકા પંચાયતના કામો જાણે ટલ્લે ચઢ્યા હોય તેમ બે વર્ષ અગાઉ પંચાયતના તમામ સદસ્યોની સર્વાનુમતીથી થયેલ ઠરાવો પણ જાણે માત્ર ચોપડે હોય તેમ કામો ખોરંભે ચઢ્યા છે. બાયડ તાલુકા પંચાયતે જિલ્લાકક્ષાએ પણ થયેલ ઠરાવો હેઠળ કરવાના કામો અંગે ફાઈલ સબમીટ કરાવી છે. જ્યારે અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારીએ આ ઠરાવો મુજબ મંજૂરી પણ આપી દીધી છે છતાં કામો ટીડીઓ કક્ષાએથી અટક્યા છે. બાયડ તાલુકા પંચાયતમાં બાંકડાના ઠરાવો અને પંચાયતનું હાલનું મકાન નોનયુઝ કરી નવું મકાન બાંધવા માટેના સર્વાનુમતે થયેલા ઠરાવો અને ડીડીઓની મંજૂરી બાદ પણ કામ આગળ ન વધતાં કોકડું ક્યાં ગુંચવાયું છે તે અંગે તર્ક વિતર્ક ચાલી રહ્યા છે.

આ અંગે મળતી માહિતી મુજબ બાયડ તાલુકા પંચાયતના અધિકારીઓનો વહીવટી કુશળતાના અભાવને કારણે તાલુકાના વિકાસના કામો ટલ્લે ચડ્યા છે તેવું ચર્ચાઈ રહ્યું છે. અગાઉ મનરેગામાંથી સમાજ કલ્યાણની આવાસ યોજનાના લાભાર્થીઓને ૯૦ દિવસની રોજગારી આપવાથી વંચિત રાખવામાં આવ્યાં હતા તેવો કિસ્સો બહાર આવ્યો હતો. તેની સાથે સાથે હાલ બાયડ તાલુકા પંચાયતની વહીવટી કામગીરીના અમલીકરણના અભાવે તાલુકા પંચાયતના કામો ખોરવાયાં છે તથા સરકારની વિવિધ યોજનાઓ બાયડ તાલુકામાં આવી અમલીકરણ કરવામાં ધીમી પડી જાય છે. મળેલ માહીતી મુજબ બે



વર્ષ અગાઉ તા.૧૫/૩/૧૭ની સામાન્ય સભામાં ઠરાવ નં ૩૭થી સ્વંભડોળમાંથી બાયડ તાલુકા પંચાયતના સદસ્ય દીઠ ૧૦ બાંકડાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. જેની વહિવટી મંજુરી તથા કારોબારીમાં બહાલી મળવા છતાં તે કામનું અમલીકરણ કરવામાં તાલુકા વિકાસ અધિકારીને રસ નથી. તા. ૧૫/૩/૧૭ની સામાન્ય સભામાં ઠરાવ નં ૩૪ માં તાલુકા પંચાયતનું મકાન નોનયુઝ કરી નવિન મકાન બનાવવા માટેની રજુઆતનો ઠરાવ થયેલ હોય તેમ છતાં આજ દિન સુધી આ બાબતે તાલુકા પંચાયતના નવિન મકાન માટેની દરખાસ્ત વિકાસ કમિશ્નરમાં અને સરકારમાં મોકલવામાં આવેલ નથી જેને કારણે આ વર્ષમાં બાયડ તાલુકા પંચાયતના નવિન મકાનની મંજુરી મળેલ નથી.

તે સમયના તાલુકા પંચાયતના પ્રમુખ રાધાબેન કુબેરસિંહ ચૌહાણ અને સદસ્યો દ્વારા સર્વાનુમતે કરેલ ઠરાવો બાદ પણ હજુ આ કામો ખોરંભે ચઢેલા છે.

જો આ કામો સમયસર કરવામાં આવ્યાં હોત તો જીલ્લાની બીજી કચેરીઓની જેમ બાયડ તાલુકામાં પણ નવિન તાલુકા પંચાયત મકાન વિવિધ અદ્યતન સુવિધા ધરાવતું મંજુર થઈ બનીને લોકોને ઉપયોગી થઈ શક્યું હોત. તાલુકા પંચાયતના સત્તાધારી પદાઅધિકારીઓ દ્વારા અવારનવાર સામાન્યસભા તથા કારોબારીમાં રજુઆત કરવા છતાં અધિકારીઓના મનસ્વી વર્તનના કારણે આ વિકાસના કામો ખોરંભે પડેલ છે. ત્યારે વિકાસની હરણફાળ ભરી રહેલ અરવલ્લી જિલ્લાના કેટલાક તાલુકાઓના વિકાસ માટે ઉચ્ચ અધિકારીઓ શું પગલા ભરે છે તે જોવું રહ્યું.

### બાયડ તાલુકા પંચાયતના પ્રમુખ શું કહે છે ?

આ અંગે બાયડ તાલુકા પંચાયતના પ્રમુખ અલ્પેશભાઈ પટેલ સાથે ટેલીફોનીક વાત કરતાં તેઓએ જણાવ્યું હતું કે તાલુકા પંચાયતના સદસ્યો દ્વારા સર્વાનુમતે કરાયેલ ઠરાવો મુજબ સદસ્ય દીઠ ૧૦ બાંકડા અને તાલુકા પંચાયતના મકાનને નોનયુઝ જાહેર કરી નવું મકાન બનાવવા માટેની મંજૂરી માટે જિલ્લાકક્ષાએ ડીડીઓને રજૂઆતો કરી હતી. આ રજૂઆતોને ડીડીઓએ તો મંજૂરી આપી દીધી છે પરંતુ હજુ સુધી વારંવારની રજૂઆતો બાદ પણ તાલુકા વિકાસ અધિકારીએ કોઈ પગલાં આગળ ભર્યા નથી. આ અંગે ટીડીઓને જિલ્લાકક્ષાએથી સૂચનાઓ પણ આપી દેવામાં આવી છે પણ હજુ સુધી બાંકડા માટે કે તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવા માટે ટેન્ડરીંગ પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી નથી.

## ગોધરા હાઈવે પર ખુલ્લી ગટરમાં ગાય ખાબકતા જીવદયાપ્રેમીઓએ રેસ્ક્યુ કરી બચાવી

મોડાસા, તા. ૧૭

માલપુર ગામમાં કેટલાક વિસ્તારોમાં અને માલપુર-ગોધરા હાઈવેને અડીને આવેલી ગટરો જવાબદાર તંત્રએ ખુલ્લી રાખી દેતા નગરજનો અને વાહનચાલકો માટે જોખમી બને તેવી સંભાવનાઓ સેવાઈ રહી હતી. ત્યારે આવી જ ખુલ્લી ગટરમાં બુધવારના રોજ ગાય ખાબકતાં જ તંત્ર સામે રોષ ફેલાયો હતો. ખુલ્લી ગટરમાં ગાય ખાબકતા જીવદયા પ્રેમીઓ ઘટનાસ્થળે ધસી આવ્યા હતા અને તાબડતોડ જેસીબી મશીન મંગાવી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ગાયને ગટરમાંથી બહાર કાઢી બચાવી લીધી હતી. ગાય ખુલ્લી ગટરમાં ખાબકતા શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. નગરમાં ખુલ્લી ગટરોથી વધેલા જોખમથી નગરજનોમાં ડરનો માહોલ સર્જાયો છે. માલપુર-ગોધરા હાઈવે માર્ગને અડીને આવેલી જોખમી ખુલ્લી ગટરો જવાબદાર તંત્ર દ્વારા તાબડતોડ ઢાંકવામાં આવેની માંગ પ્રબળ બની છે. તંત્રની લાપરવાહી કોઈ નાગરિક વાહનચાલક કે પછી પશુનો ભોગ લે તો નવાઈ નહિ.?

## કાંકરેજ તાલુકાના બુકોલી ગામના પિકઅપ સ્ટેન્ડ પાસેથી એક ઈકો ગાડીમાંથી વિદેશી દારૂ સાથે એકની અટકાયત

કાંકરેજ, તા. ૧૭

પ્રાપ્ત વિગતો અનુસાર પાલનપુર. એલ.સી.બી. પોલીસે



બાતમીના આધારે વૉચ ગોઠવી દેવામાં આવી હતી ત્યારે મળેલી બાતમી મુજબની ઈકો ગાડી નંબર જીજે.૨૭.સીએફ.૬૯૯૪નો ચાલક પોલીસને જોઈ જાતા આગળ ગાડી મૂકી નાશી ગયો હતો અને ગાડીમાં એક ઠાકોર અક્ષય ઉર્ફે ગલુ દશરથજી મૂળ રહે.બલોધર તાલુકો ડીસા તેમજ ગાડીનો ચાલક સહદેવ ઠાકોર ફરાર થઈ ગયો હતો. ત્યારે પાલનપુર એલસીબીના જયપાલસિંહ વાઘેલાએ ગાડીની તલાશી લેતાં તેમાં વિદેશી દારૂની બોટલ બીયર મળી કુલ ૯૪ બોટલ મળીને ૧૧ ૮૦૦ રૂપિયા કિંમત અને ઈકો ગાડી કીમત ૩.૦૦૦૦૦ મળી કુલ કિંમત રૂ ૩.૧૧.૮૦૦નો મુદ્દામાલ કબ્જે લઈએક આરોપીની ધરપકડ કરીને જેલમાં ધકેલી દિધો હતો. જોકે પોલીસ વડા દ્વારા દારૂ ઉપર કડક વલણ દાખવતાં બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને વિદેશી દારૂની હેરાફેરી કરતા તત્ત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે કાંકરેજ તાલુકાના બુકોલી પિકપસ્ટેન્ડ પાસેથી અમદાવાદમાં લઈ જતી વિદેશી દારૂ સાથે ઈકો ગાડી ઝડપી પાલનપુર એલસીબીએ મોટી સફળતા મેળવી હતી. શિહોરી પોલીસ દ્વારા પણ કાંકરેજ તાલુકાના દુગરાસન ગામે ખેતરમાં બાતમી મળી હતી રેડ કરતાં ઓફિસર ચોઈસની ૯૦ બોટલ વિદેશી દારૂ ઝડપી લીધો હતો અને આરોપી ફરાર થઈ ગયો હતો. જોકે શિહોરી પોલીસ સ્ટેશનમાં ઈન્ચાર્જ બીએસઆઈ આહીર પોતાની ટિમ સાથે દુગરાસન ગામે થરા શિહોરી રોડની ગોળાઈમાં આવેલા એક ખુલ્લા ખેતરમાં વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો અને ખેતરમાં ધંધો કરતા વાઘેલા વિક્રમસિંહ લક્ષ્મણસિંહ રહે દુગરાસન વાળા સામે પ્રોહી મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આમ એકજ તાલુકાના જુદી જુદી જગ્યાએ પોલીસે વિદેશી દારૂના બે કેસો કર્યા હતા.



ગુરૂપૂર્ણિમાના મહાન પર્વની ઉજવણી આસ્થા ઉમંગ અને ભક્તિભાવપૂર્વક સમગ્ર અરવલ્લી જિલ્લામાં કરાઈ હતી. મોડાસા નગરના ઓધારી મંદિર પરિસરમાં યોગ શિબિરાર્થીઓ દ્વારા બાબા રામદેવના ફોટાને ફૂલહાર ચઢાવી કંકુ-ચોખા, અર્પણ કરી આસ્થાપૂર્વક શીશ નમાવી ધન્યતા અનુભવતા હતા. આ રીતે ભારે ભક્તિભાવપૂર્વક ગુરૂપૂર્ણિમાના પર્વની ઉજવણી કરાઈ હતી. આજ સ્થળે નિઃશુલ્ક યોગ કલાસ નિયમિત લેવાય છે જેમા નગરજનોને જોડાવા આમંત્રણ છે.

## બામણા કોલેજમાં ગુરૂપૂર્ણિમા કાર્યક્રમ યોજાયો

શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કૂલ કેળવણી મંડળ મુંબઈ, સંચાલિત સ્વ.એસ.એચ. જોષી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ બામણામાં તા. ૧૬-૭-૨૦૧૯ના રોજ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કલ્પનાબેન પટેલે ઉપસ્થિત રહી ગુરૂપૂર્ણિમા વિશે મનનીય વક્તવ્ય આપી સાથે સાથે આશિર્વાદ પણ આપ્યા અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાં ગુરૂ-શિષ્ય ભારતીય સંસ્કૃતિ પરંપરા વિશે પ્રાસંગિક વક્તવ્ય ડૉ. ભિખાભાઈ પટેલે રજૂ કર્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા સ્ટાફ મિત્રો અને સફળ સંચાલન પ્રો. બ્રિજેશ પંચાલે કર્યુ હતુ. આભાર દર્શન પ્રો. પ્રજ્ઞાબેન પંચાલે કર્યું હતું.



## વડગામના ડાલવાણામાં ડે. સરપંચની બિનહરીફ વરણી કરાઈ

વડગામ તાલુકાના ડાલવાણા ગ્રામ પંચાયતના ડે.સરપંચ તરીકે શાંતાબેન રાણાની બુધવારે બિન હરીફ વરણી કરવામાં આવી હતી. ડાલવાણા ગ્રામ પંચાયતના સરપંચ શારદાબેન કાન્તિભાઈ પ્રજાપતિ, ગ્રામ પંચાયતના સદસ્ય મોહનજી ગુર્જર, ચમનલાલ રાઠોડ, પશાભાઈ પરમાર સહિત અને ગ્રામજનો દ્વારા તાલુકા પંચાયતના નાયબ ટીડીઓ જેઠાભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં ડાલવાણા ગ્રામ પંચાયતના સદસ્ય શાંતાબેન રાણાની ડે.સરપંચ તરીકે બિન હરીફ વરણી કરવામાં આવી હતી.

# વડગામ ધારાસભ્ય દ્વારા સમગ્ર ગુજરાતમાં એક ગામ, એક સ્મશાનની નીતિ બનાવવા રજૂઆત કરાઈ

વડગામ, તા. ૧૭

બનાસકાઠા જિલ્લાના વડગામ મતવિસ્તારના જાગૃત યુવા ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા ગુજરાતના તમામ ગામોમાં એક ગામ, એક સ્મશાનની નીતિ બનાવવા મુખ્યમંત્રી અને સામાજિક ન્યાય અને અધિકારીતાના મંત્રી ઈશ્વરભાઈ પરમારને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા ગામડાઓમાં અલગ અલગ જાતિના લોકોને સ્મશાન બનાવવ ગ્રાન્ટો ફાળવવામાં આવે છે. ત્યારે સરકાર દ્વારા સમગ્ર ગુજરાતના ગામડાઓમાં વસવાટ કરતા લોકો માટે એક ગામ, એક સ્મશાનની નિતી બનાવાય તેવી રજૂઆત કરવામાં આવી છે. ગામડાઓમાં એક કરતાં વધુ અલગ અલગ જાતીના લોકોના સ્મશાન હોય છે.

કેટલીકવાર દલિત સમાજના લોકોને સ્મશાનમાં આવવા જવાના રસ્તાઓ બાબતે તેમજ સ્મશાન ન હોવાના બાબતે અવાર-નવાર સવાલો ઉભા થાય છે. કેટલીકવાર દલિતોના સ્મશાન જવાના રસ્તાઓ પર દબાણ તેમજ સ્મશાન ન હોવાના કારણે દલિત સમાજને હાલાકીઓ ભોગવવી પડે છે. કેટલીકવાર દલિત સમાજે પોતાની નનામી સાથે પોલીસ સ્ટેશન કલેકટર કચેરી જઈને બેસી જવું પડે તેવા બનાવો પણ બનવા પામેલ છે. ત્યારે ગુજરાત રાજ્યના ગામોમાં જુદા જુદા સ્મશાન બનાવીને રાજ્ય સરકાર પોતે જ નાગરિકો વચ્ચે અંતર રાખે છે તેવા આક્ષેપ કરાયા છે. ખરેખર કુદરતી ન્યાયના સિદ્ધાંતના વિરુદ્ધ છે. અને જો રાજ્ય સરકારનો અભિગમ પ્રજાલક્ષી હોય અને રાજ્યમાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર તમામ નાગરિકોને સમાન હક મળે તેવી સ્થિતિ હોય તો રાજ્ય સરકાર આવી ભેદભાવ યુક્ત નીતિ તજીને તાત્કાલિક ધોરણે એક ગામ "એક સ્મશાન"ની નીતિ દાખલ કરવામાં આવે તેવી અમારી માંગ છે અને જો આ નીતિમાં કોઈ અવરોધ ઉભો થાય તો રાજ્ય સરકારે કુનેહથી કામ લઈને આ માટે સમરસ ગ્રામની જેમ ખાસ યોજના લાવવી જોઈએ અને એક ગામ એક સ્મશાનની નીતિ અપનાવે તેવા પ્રોત્સાહન તરીકે સ્મશાન ડેવલોપર્સ માટે ત્રણ લાખ કે પાંચ લાખની ગ્રાન્ટ પણ રાખવી જોઈએ અને સ્મશાન માટેના ભેદભાવ યુક્તની નીતિને તજીને "એક ગામ એક સ્મશાન"ની નીતિ અપનાવવા ગામડાઓને પ્રોત્સાહન આપવામાં રાજ્ય સરકાર પહેલ કરે તેવી વિનંતી સાથે વડગામ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા માંગ કરવામાં આવી છે.



## ધનસુરા ગઢી માતાજીના મંદિર ખાતે ગુરૂ પૂર્ણિમાના પર્વની ઉજવણી

ધનસુરાના પ્રાચીન શ્રી રામજી મંદિરની ચાર પેઢીથી ચાલતી ગુરૂ શિષ્ય પરંપરાના વર્તમાન ગાદીપતિ મહંત.પ.પૂ. મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજ દ્વારા પ્રસિદ્ધ મંદિર ગઢી માતાજીના મંદિર ખાતે ગુરૂ પૂર્ણિમા મહોત્સવ રાખવામાં આવ્યો હતો. જ્યાં ગુરૂ પૂર્ણિમાના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમા રામધૂન, ગુરૂ પૂજન, કંઠી મંત્રદિક્ષા, આર્શીવચન રાખવામાં આવ્યા હતા. ધનસુરા રામજી મંદિરના વર્તમાન ગાદીપતિ મહંત.પ.પૂ. મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજે ભક્તજનોને આશીર્વાદ આપ્યા હતા. ભક્તજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આશીર્વાદ લીધા હતા. સાથે ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.